# જૈન સાહિત્યના અભ્યાસનો અમુલખ અવસર આવીને આંગણે ઉભો છે.

JAIN SAHITYA ACADEMY TRUST

## જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટ સહર્ષ રજૂ કરે છે :
## જૈન સાહિત્યનો એકવર્ષીય સર્ટિફિકેટ કોર્સ

FRIDAY
27th
NOV. 2020
રાત્રે ૮

જૈન સાહિત્ય શું છે – જૈન ધર્મના મૂલ્યને અને તત્વને માનવીય ભૂમિકાએ ઉજાગર કરે છે. આગમથી લઇને આજ સુધી લખાયેલા ગ્રંથોના પરિચય આજે વિસરાઇ રહ્યા છે, ત્યારે અભ્યાસક્રમની આવશ્યકતા છે.

જૈન સાહિત્ય આજનાં વિશ્વની અનેક સમસ્યાનું અનુપમ ઔષધ છે, આ સાહિત્ય સર્વ સમાજને સમાવિષ્ટ કરતું અહિંસા અને પરસ્પર 'જીવો અને જીવવા દો'નો માંગલ્યમય સંદેશ આપે છે. સાવ અપરિચિત રહેલાં આપણા જ જૈન ધર્મ પ્રેરિત વિશ્વમાં ચાલો સાથે વિહરીએ....

## ૨૭ નવેમ્બર ૨૦૨૦, શુક્રવાર – સમય રાત્રે ૮ થી ૯

### વ્યાખ્યાતા : પ્રો. ડૉ. ધરમચંદ જૈન – આચારાંગ સૂત્ર

### સત્ર સંચાલક : ડૉ. સેજલ શાહ



વક્તા પરિચય : જૈન ધર્મ-દર્શનના તલસ્પર્શી વિદ્વાન પ્રો. પ્રો. ડૉ. ધરમચંદ જૈન સંસ્કૃત, પ્રાકૃત ભાષા અને સાહિત્યની સાથે ભારતીય દર્શનના મર્મજ્ઞ અધ્યેતા છે. જયનારાયણ વ્યાસ વિશ્વવિદ્યાલય જોધપુરના સંસ્કૃત વિભાગમાં અધ્યક્ષ અને બૌદ્ધ અધ્યયન કેન્દ્રના નિર્દેશક હોવા ઉપરાંત કલા, શિક્ષા અને સમાજ-વિજ્ઞાન વિદ્યાશાખાના અધિષ્ઠાતા પણ રહયા છે. ૩૭ વર્ષોના અધ્યાપન પછી નિવૃત્તિ મેળવનાર પ્રો. જૈન હજુ પણ એટલા જ પ્રવૃત્તિમય છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક પરિસંવાદોમાં શોધપત્ર રજૂ કરવા ઉપરાંત તેઓ અધ્યક્ષતા પણ કરે છે. વિદેશમાં અનેક એકેડેમિક યાત્રાઓ કરી વિવિધ પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે. જૈન ધર્મ-દર્શન, બૌદ્ધધર્મ-દર્શન અને ભારતીય વિદ્યા પર ૬ મૌલિક અને ૩૨ સંપાદિત પુસ્તકો પ્રકાશિત થયા છે. સતત ૨૪ વર્ષથી જૈન માસિક પત્રિકા 'જિનવાણી'ના મુખ્ય સંપાદક એવા પ્રો. જૈનને સાંભળવાની આતુરતાનો અંત નજીક છે.

વ્યાખ્યાન સંક્ષેપ : જૈન અંગઆગમોમાં આચારાંગસૂત્રને પ્રથમ સ્થાન આપવામાં આવે છે. તેમાં બે શ્રુત સ્કંધમાં ૯ અધ્યયન છે, જેમાં સાતમું મહાપરિજ્ઞા અધ્યયન ઉપલબ્ધ નથી. ૮ અધ્યયનોમાં ૪૪ ઉદ્દેશક છે. બીજા સ્કંધમાં ૧૬ અધ્યયન છે. આચારાંગસૂત્ર મુમુક્ષુ સાધકોના પથને પ્રશસ્ત કરવાની દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ આગમ છે. અહિંસાનું આચારાંગસૂત્રમાં સૂક્ષ્મ પ્રતિપાદન થયું છે. અહિંસાની આવી વ્યાખ્યા વિશ્વમાં અન્યત્ર નથી મળતી. તેમાં ષટ્કાયિક જીવોની રક્ષા અને તેમના પ્રત્યે આત્મૌપમ્ય ભાવ, સાધનામાં સજાગતા, સંયમમાં ઉદ્યમ, અનાશક્તિ, અનાસ્ત્રવ, અપ્રમત્તતા, સમ્યગદ્રષ્ટિ, સમ્યગજ્ઞાનપૂર્વક આચરણ, સમતા ભાવ, કર્મનિર્જરા, ધ્યાન-સાધના, સમાધિ-મરણ, ભગવાન મહાવીરની સંયમ-સાધના વગેરેનું વિશદ નિરૂપણ થયું છે. આ આગમ પર પ્રાચીન ચૂર્ણી અને નિર્યુક્તિ પણ પ્રાપ્ત થાય છે. આચાર્ય શીલાંક વિરચિત ટીકા, આચાર્ય મહાપ્રજ્ઞ રચિત ભાષ્ય, તેના હાર્દને પ્રકટ કરે છે. પર્યાવરણ-સંરક્ષણ અને મનોવિજ્ઞાનની દ્રષ્ટિથી પણ આ આગમ મહત્વનું છે. આમાં ચિત્તવૃત્તિઓનું વિશ્લેષણ છે, તો અનિત્યતા, અશરણતા વગેરેનો પણ બોધ છે. આ ક્ષમણો માટે તો ઉપયોગી છે જ, સાથે ગૃહસ્થો માટે પણ એટલુ જ ઉપયોગી છે.

આજ સુધી થયેલા પ્રાથમિક કોર્સના ૧૨ વ્યાખ્યાનોની લિંક : https://youtu.be/mbV7jjEuIMY

**ઝૂમ લીંક**

- https://bit.ly/2SuDOzE
- Meeting ID : 890 0779 0733
- Passcode : 232678

મહત્વપૂર્ણ સૂચનો : ઓનલાઇનના આ કોર્સમાં દરેક કલાસ વખતે બરાબર સમય ઉપર જ જોડાવા વિનંતી.

- આપના પ્રશ્નો કોમેન્ટ સેક્શનમાં પૂછવા. બાકી મ્યુટ ઉપર જ આપ રહેશો.
- હેડફોનનો ઉપયોગ હિતાવહ છે.
- ટેકિનકલ પ્રશ્નો આવ્યો હોય તો સંપક કરો : 97696 55345

- આમંત્રક : જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટ
- પ્રેરક : સી. કે. મહેતા

ટ્રસ્ટીગણ : દીપક મહેતા • ઇલા મહેતા • ભારતી મહેતા • સેજલ શાહ
યોગીની શેઠ • દિલીપ શાહ • બકુલ ગાંધી • બિપીન દોશી